NAVSARI AGRICULTURAL UNIVERSITY

કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
પરિયા, તા. પારડી, જી. વલસાડ, ૩૯૬ ૧૪૫

ડૉ. સી. આર. પટેલ
ઇ/ચા સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)

ઇ-મેલ : aesparia@nau.in
મો. ૯૪૨૮૧૬૦૯૩૭

જા.નં./સંવૈ/કૃપ્રાકે/નકૃયુ/ટી-૧/નર્સરી જાહેરાત/૫૦૬/૨૦૨૫ તા.૨૬/03/૨૦૨૫

## -: જાહેરાત :-

આથી તમામ ખેડૂત ભાઈઓ તેમજ બહેનોને જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટીના કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા હસ્તકની મોડેલ નર્સરીમાંથી આંબાની વિવિધ જાતોની ભેટ કલમ (Inarch graft), સેડલ એપ્રોચ ગ્રાફ્ટીંગ કલમ (Saddle approach graft) અને સોનપરીની નુતન કલમ (Softwood graft) નુ વેચાણ કરવામાં આવે છે. કલમ ખરીદવા માટે ઓન-લાઇન અરજીઓ <u>તારીખ ૧ લી એપ્રિલ, ૨૦૨૫ થી ૧૫ મી એપ્રિલ, ૨૦૨૫ (૦૧-૪-૨૦૨૫ થી ૧૫-૦૪-૨૦૨૫)</u> સુધી સ્વીકારવામાં આવશે. **કલમો માટે ઓનલાઇન કરેલ અરજીઓ જ ગ્રાહ્ય રાખવામાં આવશે.** કલમ નોંધણી માટે નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.nau.in અથવા સીધું https://eshop.nau.in વેબસાઇટ ઓપન કરી કલમોની નોંધણી કરી શકાશે. જે માટે સૌપ્રથમ વેબસાઇટ https://eshop.nau.in પર જઇ Farmer Registration (ખેડૂત તરીકેની નોંધણી) કરવું. ત્યારબાદ ફરીથી e-shop પર જવું અને Sign in કરવું એટલે વિવિધ કેન્દ્રોની જાહેરાત દેખાશે. અગાઉ Farmer Registration કરેલ હોય તે ખેડૂતે ફરીથી Registration કરવાની જરૂર નથી. તેમણે રજિસ્ટર થયેલ મોબાઈલ નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરી સીધા જ Sign in કરી શકાશે.

કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા ખાતેથી આંબાની વિવિધ જાતોની ભેટ કલમ, સેડલ એપ્રોચ ગ્રાફ્ટીંગ કલમ અને સોનપરીની નુતન કલમ લેવી હોય તો પરીયા કેન્દ્રની જાહેરાત ખોલી માંગ્યા મુજબની વિગતો ભરી કલમોની નોધણી કરવી. ભેટ કલમ અને સેડલ એપ્રોચ ગ્રાફ્ટીંગ કલમની ફાળવણી અંદાજે **<u>ઓગસ્ટ</u>** માસમાં કરવામાં આવશે જ્યારે નુતન કલમ **<u>જુલાઇ થી ઓક્ટોબર</u>** માસ સુધીમાં આપવામાં આવશે. ઓનલાઈન અરજી મંજુર થયા બાદ Registration થયેલ મોબાઇલ નંબર ઉપર SMS આવશે ત્યારે ખેડૂત ખાતેદારના પુરાવા તરીકે અરજીમાં ખેડૂતે દર્શાવેલ ૭-૧૨ તેમજ ૮-અ ની નકલ, આધારકાર્ડની નકલ અને ઓનલાઈન ઓર્ડરની પ્રિન્ટ સહી કરીને અત્રેના કેન્દ્ર ખાતે **<u>ઓર્ડરમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળપર</u>** **(રિસેસ સમય ૧૨:00 થી ૦૨:00 સિવાય)** હાજર રહી જમા કરાવવાનું રહેશે અને પેમેંટ ચૂકવણી કરી આપની કલમ લઇ જવાની રહશે. ખેડૂતોને નોંધણીમાં અગવડ પડે તો અત્રેના કેન્દ્ર ખાતે રૂબરૂ જઈ નોંધણી કરાવી શકશે, જે માટે ખેડૂત ખાતેદારના પુરાવા તરીકે ૭-૧૨ તેમજ ૮-અ ની નકલ, આધારકાર્ડની નકલ તેમજ મોબાઈલ સાથે લઈને આવવાનું રહેશે.

સરકારી તેમજ અર્ધ-સરકારી સંસ્થાઓએ કલમ ખરીદવા માટે ઓનલાઈન અરજી ન કરતા સીધા જ અત્રેના કેન્દ્ર ખાતે લેખિત અરજી કરવાની રહેશે અથવા aesparia@nau.in પર ઈ-મેઈલ દ્વારા પણ અરજી મોકલી શકાશે.

LRPatel
સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરિયા